ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૧૧-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### વાણિયાની મૂછ નીચી : નવા લોકાયુક્તની નિમણૂકનો માર્ગ મોકળો

ચોતરફ પ્રશંસાનાં પુષ્પોની વર્ષા વચ્ચે ગુજરાતના ન ભૂતો ન ભવિષ્યતિ એવા અઠંગ રાજનેતાને લોકાયુક્તના મુદ્દે ચૂપ થઈ જવું પડતું હતું. એક તરફ સુશાસનની, વિકાસની ગાથાઓ ગવડાવવી અને ભ્રષ્ટાચાર મુકત વહીવટના નામે તાળીઓ પડાવવી ને બીજી તરફ આજ લગી લોકાયુક્તની નિયુક્તિના મુદ્દે ઠાગાઠૈયા. છેલ્લે છેલ્લે તો સર્વોચ્ચ અદાલતે પણ રાજયપાલ દ્વારા ગુજરાતના લોકાયુક્ત તરીકે હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રમેશચંદ્ર મહેતાની કરાયેલી નિમણૂક વાજબી ઠેરવતાં ગુજરાતના મુખ્યમંત્રી બોલતી જ બંધ થઈ જવા પામી હતી. ધાર્યું હોત તો જસ્ટિસ મહેતા મુખ્યમંત્રીની ઈચ્છા વિરુદ્ધ ગુજરાતના લોકાયુક્ત તરીકે આરૂઢ થઈ શકે એમ હતા. એમને આદરપૂર્વક સ્વીકારી લીધા હોત તો મોદીનું નાક નહોતું કપાવાનું. પરંતુ મુખ્યમંત્રી ન એટલી ઉદારતા દાખવી શકયા કે સામે ચાલીને એ ન્યાયમૂર્તિને પદના શપથ લેવા આમંત્રણ આપે; ગઈ ગુજરી ભૂલી જઈ સાડા આઠ વરસથી અવાવરું ખંડેર બની ગયેલા લોકાયુક્ત ભવનમાં બેસી એમની કાર્યવાહી ચાલુ કરવાની વ્યવસ્થા કરી આપે. નરેન્દ્ર મોદી એકવાર જેના વિશે ખરોખોટો પૂર્વગ્રહ બાંધી બેસે છે એના તરફનો દ્વેષભાવ કયારેય એમના મનમાંથી ખસતો જ નથી. આ મર્યાદા એમને નડી છે એથી વધારે ફળી છે, એ વળી જુદી જ બાબત છે. પરંતુ લોકાયુક્ત જેવી સંસ્થાનું સન્માન કરવાનું ટાળીને એમણે અણ્ણા હજારે જેવા અનેક લોકશાહીવાદી મહાનુભાવોની શુભેચ્છા ગુમાવી હતી, તે સર્વવિદિત છે. સ્વમાનના મુદ્દે લોકાયુક્ત પદે નિમાયેલા જસ્ટિસ આર.એ. મહેતાએ એ પદનો અસ્વીકાર કરતી વખતે જે મગ ને ફોતરાં જુદાં કરી નાખતું સ્પષ્ટ નિવેદન કર્યું હતું તે નરેન્દ્ર મોદીના અસલી ચહેરાને ઓળખાવતો દસ્તાવેજ બની ગયેલ છે. આટલી ભારે નામોશીને અંતે મોદીએ હવે લોકાયુક્તની નિમણૂક કરવા બાબતે નવેસરથી હાથ ધરાયેલી કવાયતને પરિણામ સુધી પહોંચાડીને ડૅમેજ કંટ્રોલના ભાગરૂપે કોંગ્રેસ પક્ષ દ્વારા સૂચવાયેલ અને હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા પસંદ કરાયેલ જસ્ટિસ ડી.પી. બૂચના નામ પર સહમતિ દર્શાવી છે. એથી ઘીના ઠામમાં ઘી પડી ગયું છે, એવો આત્મસંતાષ ભારતીય જનતા પાર્ટી જરૂર લઈ શકશે. આ વ્યૂહાત્મક પગલું છે અને ચહેરો બચાવવા ભરવું પડ્યું છે, એમ છતાં કોંગ્રેસ તેમજ અન્ય ટીકાકારોના ભાથામાંથી એક તીર તો મોદીએ સિફતપૂર્વક ખૂંચવી જ લીધું છે એમાં બે મત નથી. આમ છેલ્લા એક દાયકાથી ખાલી પડેલા અને ભારે વિવાદનો મુદ્દો બની ચૂકેલા લોકાયુક્ત પદ પર હવે જસ્ટિસ ડી.પી. બૂચ જેવા એક સૌમ્ય ન્યાયવિદ્ બિરાજશે. એમના નામની સ્વીકૃતિ મળી ગઈ છે અને તેમની નિયુક્તિ માટેનું વૉરંટ પ્રસિદ્ધ કરવા રાજયપાલશ્રીને ભલામણ પણ કરાઈ છે. જો કે મોદીસૂચિત નવો લોકાયુક્ત ધારો બબ્બે વાર વિધાનસભામાં પસાર થઈ ગયા પછી પણ હજી રાજયપાલશ્રીએ મંજૂર કરેલ ન હોઈ તેમને જૂના લોકાયુક્ત ધારાની જોગવાઈઓ અનુસાર કામ શરૂ કરવું પડશે. વળી એમને એ ધારા મુજબ કામ કરવા દેવાશે કે કેમ એ તો પ્રશ્ન ઊભો જ રહે છે. ગુજરાત વિધાનસભાએ જૂના લોકાયુક્ત ધારાને સુપરસીડ કરી જે નવો ધારો અમલી બનાવવાનો કારસો કર્યો છે એમાં તો લોકાયુક્ત રાજય સરકારનું પ્યાદું જ બની જાય એવી જોગવાઈઓ છે. રાજયપાલ કમલા બેનીવાલે મક્કમ લડત આપીને એ ધારા પર મંજૂરીની મહોર નથી મારી પરંતુ એમની બંધારણીય મર્યાદાઓ મુજબ હવે એમને પણ અનુકૂળ અભિગમ લેવો જ પડશે. મુખ્યમંત્રી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીઓને જ નજર સમક્ષ રાખીને ચાલી રહ્યા છે. એથી દેખીતી રીતે આ ગળાનું હાડકું બની ગયેલા મુદ્દે એ થોડા ઝૂકયા છે. વળી રાજસ્થાન વિધાનસભાની ચૂંટણી લડી રહેલા રાજયપાલના પુત્રના મતવિસ્તારમાં પાર્ટીએ યોજેલી એમની જાહેરસભા પણ એમણે અંગત વિવેક દાખવી રદ કરાવી છે. જૂનાં ગાંધીવાદી કોંગ્રેસી કમલા બેનીવાલની વિરુદ્ધ અત્યાર સુધી કીચડ ઉછાળતા રહેલા મુખ્યમંત્રીની આ વ્યૂહાત્મક શુભેચ્છા ચેષ્ટાનો સૌમ્ય પ્રકૃતિનાં વયોવૃદ્ધ મહિલા રાજયપાલ પણ કદાચ પૉઝિટિવ પ્રતિભાવ જ આપશે, કારણ કે એમના હોદ્દાની મુદત હવે પૂરી થવામાં છે. જો કે લોકાયુક્ત મુદ્દે રાજય સરકારે જે નકારાત્મક દૃષ્ટિકોણ દાખવ્યો અને છેલ્લામાં છેલ્લી કાનૂની લડત આપી એથી એ પદની જ નહીં બલકે રાજય સરકારની અને મુખ્યમંત્રીની ઈમેજને ભારે ઘસારો પહોંચ્યો છે એમાં શંકાને સ્થાન નથી. એકવાર વીંધાઈ ગયેલાં મનને કોઈ સાંધો કે રેણ લાગી શકતાં નથી. છતાં વિવાદમાં પડેલું લોકાયુક્તપદ મોડું મોડુંય સજીવન થઈ રહ્યું છે એ આવકારદાયક બાબત છે.



### ઈન્ફોસીટી સ્કુલના વિદ્યાર્થીઓ ઝળકયા

ગાંધીનગર ડિસ્ટ્રીકટ ચેમ્પિયન શીપ ટેકવોન્ડો સ્પર્ધા યોજવામાં આવી હતી. જિલ્લા કક્ષાની હરીફાઈ સ્પર્ધામાં ઈન્ફોસીટી સ્કુલમાં અભ્યાસ કરતા ધો-૬ થી ૮ના વિદ્યાર્થીઓએ કોચ અજય જાડેજાના નેતૃત્વ હેઠળ ભાગ લીધો હતો. જેમાં માનવ સુખડિયા, ઋત્વીક પટેલ, વૃત્ત પટેલે ગોલ્ડ મેડલ, શૌલીન પટેલે સિલ્વર તેમજ વિશ્વજીત સીંગ અને યશ પટેલે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

## ગાંધીનગર ખાતે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી રમતોત્સવના પરિણામો

ગાંધીનગર, તા. ૨૮

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીનો પ્રથમ વાર્ષિક રમતોત્સવ ૨૦૧૩નું ઉદઘાટન રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના માન. મંત્રીશ્રી (રા.ક.) નાનુભાઈ વાનાણીના હસ્તે થયું. આ કાર્યક્રમમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી સંલગ્ન કુલ આઠ જેટલી શારીરિક શિક્ષણની કોલેજો તથા યુનિ.ના પી.જી. ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

કાર્યક્રમના ઉદઘાટન બાદ બહેનોની ૩૦૦૦ મીટર દોડ તથા ભાઈઓની ૫૦૦૦ મીટર દોડની સ્પર્ધા યોજાઈ અને આ સ્પર્ધામાં વિજઈ થયેલા ખેલાડીઓને મેડલ ટ્રોફી તથા શિલ્ડ તેમજ પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી દ્વારા યોજાનાર વિવિધ સ્પર્ધાઓ જેમ કે કબડ્ડી, ખો-ખો, હેન્ડબોલ, યોગા, જીમ્નાસ્ટિક, મલખંભ, એથ્લેટિકસ માટે ભાઈઓ તથા બહેનોની જુદી જુદી ટુકડીઓ પસંદગી પામેલ છે.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં યોજાયેલ એથ્લેટીક મીટમાં મહિલા વિભાગમાં ૧૦૦ મી., ૨૦૦ મી. અને ૪૦૦ મી. દોડમાં પ્રથમ ક્રમે શ્રુતિ ભટ્ટી વિજેતા રહ્યા હતા. જયારે ૧૫૦૦ મી. દોડમાં પ્રથમ ક્રમે અંશુબેન ગામિત, ૩૦૦૦ મી. દોડમાં અવંતિકા મહાજન, લાંબી કૂદમાં અર્પિતાબેન ગામિત, ઊંચી કુદમાં નયના રામાણી, ચક્રફેંકમાં પાયલબેન પટેલ, બરછી ફેંકમાં નિલમ વસાવા અને શોટપુટમાં પાયલ પટેલ વિજેતા રહ્યા હતા.

## શ્રી વડનગરા નાગર મંડળ સ્નેહમિલન સમારોહ અને વિવિધ સ્પર્ધા યોજશે

ગાંધીનગર, તા.૨૮

શ્રી વડનગરા નાગર મંડળ ગાંધીનગરનો સ્નેહમિલન સમારોહ તા. ૧ ડિસેમ્બર રવિવાર સાંજે ૫.૦૦ કલાકે શ્રી તિરુપતિ બાલાજી હોલ ખાતે યોજવામાં આવશે તેમજ આ પ્રસંગે રંગોળી સ્પર્ધા અને વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્પર્ધામાં નામ નોંધાવવા જયંત બુચ ૯૪૨૭૪ ૦૦૭૮૦ પર તા. ૨૯ નવેમ્બર સુધી નોંધાવી લેવું. આ કાર્યક્રમમાં નાગર સમાજના જ્ઞાતિજનોએ હાજર રહેવા જણાવ્યું છે.

## ચોથી નિરમા યુનિવર્સિટી ઈન્ટરનેશનલ કોન્ફરન્સ

ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી-નિરમા યુનિવર્સિટી, નૉલેજ જાયન્ટ AEEE અને સાયન્સ ડિરેક્ટરના ટેકનિકલ અને પબ્લિકેશન સહયોગ વડે તથા ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જીનિયર (આઈઈઆઈ), આઈએએસ ગુજરાત ચેપ્ટર, અમેરિકન સોસાયટી ઓફ સિવિલ એન્જીનિયર્સ, ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ કેમિકલ્સ એન્જીનિયર્સ, ઈશરે (ISHRAE) તથા આશરે (EASHRAE)ના સહયોગથી નિરમા યુનિવર્સિટી ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન એન્જીનિયરીંગ ન્યુઈકોનનું આયોજન તા. ૨૮ થી ૩૦ નવેમ્બર દરમ્યાન યોજાઈ રહી છે. આ સમારંભ વિવિધ વિદ્યાશાખાઓ વચ્ચે યુનિવર્સિટીનું અંતર ઘટાડવા માટેની કટિબદ્ધતા દર્શાવવા તથા ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જીનિયર્સ (ઈન્ડિયા), આઈઆઈસીઈ, સીએસસીઈ, આઈએએસ, એસએમએફઆરએ, યુનિવર્સિટી ઓફ ડુંડી, આઈએસટીઈ, ગુજકોસ્ટ તથા અન્ય સાથે તેમજ ફિલ્ડ અને ટેકનોલોજી ક્ષેત્રે નવા વિચારોના સમન્વય માટે યોજાઈ રહી છે.

આ સમારંભનું ઉદ્ઘાટન ગુરૂવાર, તા. ૨૮ નવેમ્બર, ૨૦૧૩ના રોજ સવારે ૯.૩૦ કલાકે નિરમા યુનિવર્સિટીના કેમ્પસમાં યોજાશે. આ સમારંભના મુખ્ય મહેમાન તરીકે જઈ ઈન્ડિયા ટેકનોલોજી સેન્ટરના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર ડૉ. ગોપીચંદ કટરાગડ્ડા હાજર રહેશે.

નોંધપાત્ર બાબત એ છે કે આ કોન્ફરન્સને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો છે તથા ૩૦૦ ઈન્સ્ટીટ્યુટમાંથી ૭૮૦થી વધુ સારા અને ગુણવત્તાયુક્ત સંશોધન લેખો પ્રાપ્ત થયા છે. પ્રેઝન્ટેશન માટે પસંદ કરાયેલા ૨૦૦ અભ્યાસ લેખો ગુજરાત બહારથી પ્રાપ્ત થયા છે. વિવિધ ક્ષેત્રોના પ્રતિષ્ઠીત મહાનુભાવોના ૧૯ જેટલા વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું છે. ટેકનોલોજીના ઉભરતા ક્ષેત્રો અંગે તા. ૨૭ નવેમ્બર, ૨૦૧૩ના રોજ એટલે કે પ્રિ-કોન્ફરન્સના દિવસે કુલ ૧૧ ટ્યુટોરિયલ્સ યોજાયા હતા.




**હરિની દૃષ્ટિ...**

*પ્રવચન પછી કરજો, પહેલા કહો નાસ્તો ચવાય એવો છે કે નહીં... !!*

## ગાંધીનગર જિલ્લાની સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ ૨૦૧૩-૧૪ યોજાઈ ગઈ

ગાંધીનગર, તા. ૨૮

નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ-૨૦૧૩-૧૪ અંતર્ગત સાયન્સ ડ્રામા સ્પર્ધા તા. ૨૮ નવેમ્બરના રોજ યોજવામાં આવી હતી.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમ્યાન અનેક વિજ્ઞાન વિષયક આયોજનો કરે છે. જેમાં તાજેતરમાં ગાંધીનગર જિલ્લાની સાયન્સ ડ્રામા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં જિલ્લાની પાંચ જેટલી માધ્યમિક શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં સે. ૫ ખાતે આવેલ પ્રેરણા વિદ્યાલયના બાળકો દ્વારા ભજવાયેલ નાટક 'ભાગ બચ્ચા રાક્ષસ આયા' પ્રથમ ક્રમ મેળવી વિજેતા બન્યું હતું. નાટક દ્વારા વિદ્યાર્થીઓને બહાર મળતું બિન આરોગ્યપ્રદ ખોરાક ખાવાથી શરીરને નુકશાન થાય છે. તેમ બતાવવામાં આવ્યું હતું.

સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે કુંતલ નિમાવત ડાયરેકટર બ્લ્યુ બબુલ એકેડમી, સંસ્થાના ટ્રસ્ટી અનિલભાઈ પટેલ, હસમુખ મેકવાન ટી.વી. કલાકાર તેમજ કૉ. ઓર્ડિનેટર શિવાંગ પટેલ અને હાર્દિક મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

## પી.પી.આર. શાહ હાઈસ્કૂલ લીંબોદરા ખાતે મફત ગણવેશ વિતરણ કરાયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર તાલુકાના લીંબોદરા ખાતે આવેલી પી.પી.આર. શાહ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પુનિતધામ જૈન તીર્થ દ્વારા મફત ગણવેશ વિતરણ કરવામાં આવ્યા હતા. પી.પી.આર. શાહ હાઈસ્કૂલ ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જૈનતીર્થના પૂજ્ય પન્યાસ પ્રવર ગુરુદેવશ્રી કિર્તિસાગર મ.સા.ના પ્રેરણાથી નરેશભાઈ શાહના પ્રયત્નો થકી મફત બે જોડી ગણવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે લીંબોદરા સેવા સમાજ પ્રમુખ નરેશભાઈ શાહ, ટ્રસ્ટીગણ તેમજ ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ડીસ્ટ્રીકટ બ્રાન્ચ ગાંધીનગરના સભ્ય જતીનભાઈ રસીકભાઈ પટેલને એમ.ફાર્મમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ગોલ્ડ મેડલ અર્પણ કરવામાં આવ્યો હતો. જેમાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા અભિનંદન આપવામાં આવ્યા હતા.

## આજ વગડાવો વગડાવો રૂડા શરણાયને ઢોલ : લાલજીભાઈ બારોટ

**કેફિયત કલા સાધકની**

*આશા સરવૈયા*


દ્વાર ઉપર આંબા-અશોક અને ગલગોટાના તોરણો બંધાઈ રહ્યા હોય, આંગણા રંગબેરંગી રંગોથી ખીલી ઉઠ્યા હોય.. અને દ્વાર પર શરણાઈના સૂર તો હોય જ ને! લગ્ન હોય કે કોઈ પણ તહેવાર હોય કે મંગલ પ્રસંગ હોય, શરણાઈના સૂર તો વહેવા લાગ્યા જ હોય. વર્ષો પહેલાં લગ્ન સમારંભમાં શરણાઈના સૂરોના આધારે લગ્નવિધીનો ખ્યાલ આવી જતો. દરેક વિધીના અલગ અલગ સૂર હતા. ગ્રહશાંતિ હોય, જાન પ્રસ્થાન કે કન્યા વિદાય હોય, તમામ પ્રસંગોમાં શરણાઈનું એક આગવું અને અનિવાર્ય હતું. અત્યારના લગ્નોમાં બેન્ડવાજા, ડી.જે. વિગેરે વધુ જોવા મળે છે. પરંતુ પરંપરાગત શરણાઈ અને ઢોલ તો હજી પણ અગત્યનું અને અકબંધ સ્થાન ધરાવે છે.

આવા શુકનવંતા વાદ્ય શરણાઈના અનેરા વાદક અને જેમની વગર આપણે ત્યાં શુભ પ્રસંગો યોજાતા નથી એવા ગાંધીનગરના જ કલાકાર લાલજીભાઈ મૂળજીભાઈ બારોટનો પરિચય મેળવીએ.

મુ. કંબોઈ, તા. ચાણસ્મા, જિ. પાટણ ખાતે વસેલા મૂળજીભાઈ બારોટ અને રામીબેનના ઘરે છ દીકરીઓ પછી માતાજીની બાધા, માનતા અને અસીમ કૃપાથી તા. ૧-૬-૧૯૫૭ના રોજ પુત્ર લાલજીભાઈનો જન્મ થયો. બાધા-માનતા- આખડી પછી જન્મેલા લાડકવાયા દીકરા લાલજીના કારણે ઘરમાં ખુશાલીનું વાતાવરણ છવાઈ ગયું. બાપ-દાદાનો ગળથૂંથીનો ધંધો એટલે સંગીત, ગાવું વગાડવું (ઢોલ, ઢોલક, તબલાં, હાર્મોનિયમ, ભૂંગળ અને શરણાઈ) તથા વાર તહેવારે યજમાનવૃત્તિ કરી જયાંથી ભિક્ષાદાન મળે તે પણ સ્વીકારીને પિતા મૂળજીભાઈ કુટુંબનું ગુજરાન ચલાવે.

દેવના દીધેલા લાડકવાયા પુત્ર લાલને શાળામાં ભણવા બેસાડ્યો. પ્રાથમિક શિક્ષણ કંબોઈ ગામમાં મેળવવાની સાથે સાથે પિતાજી પાસેથી વાદ્યો વગાડતાં પણ શીખવા માંડ્યું. ધોરણ સાત સુધીના અભ્યાસ દરમ્યાન લાલજીભાઈ ઢોલક, હાર્મોનીયમ, ભૂંગળ, શરણાઈ વિગેરે વગાડતાં શીખતા ગયા. સાથે સાથે ભવાઈ કલાનો પણ અભ્યાસ કર્યો. પિતાજીના માર્ગદર્શન હેઠળ નિત્ય લાલજીભાઈ શરણાઈ વગાડવાનો રિયાઝ કરે. શાળામાં લાલજીભાઈ દરરોજ પ્રાર્થના ગવડાવે, હાર્મોનીયમ અને તબલાં પણ વગાડે. શાળાના આચાર્યની શાબાશી તથા પ્રોત્સાહન મેળવીને લાલજીભાઈએ આમ પોતાની સંગીત સફર શરૂ કરી દીધી.

માધ્યમિક શિક્ષણ ચાણસ્મા ખાતે લેવાનું લાલજીભાઈએ શરૂ કર્યું. ધોરણ-૮ના અભ્યાસ દરમ્યાન ૧૯૭૨માં પ્રેમાળ અને દયાળુ માતૃશ્રીનું અવસાન થયું અને ૧૯૭૬માં પિતાજીનું પણ મૃત્યુ થતાં લાલજીભાઈ એકલા અટુલા બની ગયા અને નિરાધાર લાલજીભાઈ આજીવિકા માટે ગામડે ગામડે લગ્ન પ્રસંગોમાં શરણાઈના સૂરો છેડવા લાગ્યા. ૧૯૭૬માં જ લાલજીભાઈએ એસ.એસ.સી. (જૂની મેટ્રીક)ની પરીક્ષા ચાણસ્મા ખાતે આપી. પરંતુ ઘરની જવાબદારી અને માતાપિતાની છત્રછાયા ગુમાવવાના સંજોગો આવી જતાં તેઓ પાસ ન થઈ શકયા. અને ભણવાનું છોડી દઈને બાપ-દાદાનો ધંધો સ્વીકારીને નાની ઉંમરથી જ ભવાઈ મંડળીઓમાં વગાડવાનું શરૂ કરી દીધું.



૧૯૭૮માં શરણાઈના સૂરોની સાક્ષીએ કુંવરબેન સાથે લાલજીભાઈ લગ્નગ્રંથિથી જોડાયા. ઘરની પરિસ્થિતિ સમજીને કુંવરબેન પણ ઘરકામ અને મજૂરી કરવા લાગ્યા અને પતિ લાલજીભાઈની સાથે ખભેખભો મિલાવીને કુટુંબની જવાબદારી નિભાવવા લાગ્યા.

હાલમાં વિસરાતી જતી પરંતુ અગાઉના વર્ષોમાં ખૂબ લોકભોગ્ય બનેલી કલા એટલે 'ભવાઈ કલા.' આ કલાને જીવંત રાખવા ૧૯૮૦માં કંબોઈ ગામની (પોતાના વતન), લાલજીભાઈના ભાઈ દ્વારા રજીસ્ટર્ડ થયેલી સંસ્થા શ્રી જયલાલ કલા વૃંદમાં લાલજીભાઈએ વગાડવાનું શરૂ કર્યું. બોર્ડકાસ્ટીંગ સોંગ એન્ડ ડ્રામા ડીવીઝન પૂના દ્વારા આદિવાસી વિસ્તાર, આંતરિયાળ અને જંગલમાં વસેલી પ્રજા માટે, જ્યાં કોઈ જ મનોરંજનના સાધનો ઉપલબ્ધ ન હોય તેવા જિલ્લા, તાલુકાનાં ગામોમાં લોકભવાઈ (રંગલો-રંગલી દ્વારા) લોકશિક્ષણ અને મનોરંજનના કાર્યક્રમો થતાં. તેમાં શરણાઈ વગાડીને થોડો ઘણો પુરસ્કાર પ્રાપ્ત થતો અને તેમાંથી જ લાલજીભાઈ જીવનનિર્વાહ ચલાવતાં.

૧૯૮૦માં રાષ્ટ્રીય કક્ષાના લોક ભવાઈ મેળાનું સોલા ગામે આયોજન થયું હતું. ગુજરાતની તમામ મંડળીઓએ આ મેળામાં ભાગ લીધો હતો. એક સપ્તાહ સુધી ચાલેલા આ મેળામાં લાલજીભાઈએ પોતાના શરણાઈ વગાડવાના કલા વૈભવ વડે ખૂબ નામના મેળવી અને લાલજીભાઈની મંડળી અને લાલજીભાઈને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આમ લાંબી સંગીતયાત્રામાં લાલજીભીએ પ્રથમ સ્થાન મેળવ્યું.

લાલજીભાઈ ૧૯૮૬માં નોકરી અર્થે ગાંધીનગર આવી વસ્યા. પટ્ટાવાળા, વોચમેન વિગેરે માટે જાહેરાત મુજબ અરજી કરી ઈન્ટરવ્યુ પણ આપ્યા. અને સર્વે ઓફિસમાં મજૂર તરીકે અને રાત્રે હોમગાર્ડમાં ફરજ બજાવતાં. પરંતુ લાલજીભાઈને પત્નિ, ત્રણ પુત્રીઓ અને બે પુત્રોનો બહોળો પરિવાર હોવાથી આ આવક માંથી ઘરનું પુરું ન થવાથી ગાંધીનગરમાં નાના-મોટા કાર્યક્રમોમાં શહનાઈના સૂરો છેડવાનું શરૂ કર્યું. ધીમે ધીમે ગાંધીનગર, અમદાવાદ અને આજુબાજુમાં લાલજીભાઈની શરણાઈનો ડંકો વાગવા લાગ્યો.

૧૯૯૦-૯૧માં ૨૬ જાન્યુઆરી ગણતંત્ર દિનની ઉજવણી પ્રસંગે સંગીત, નૃત્ય-નાટક અકાદમી દ્વારા રજૂ થયેલ ટેબ્લોમાં નીતીનભાઈ દવે અને મુંજાલ રાવલ દ્વારા શરણાઈ વગાડવાનું આમંત્રણ મળ્યું અને લાલજીભાઈએ પોતાની શરણાઈના સૂરો એવા તો છેડયા... કે દરેક સરકારી કાર્યક્રમમાં લાલજીભાઈને આમંત્રણ મળવા લાગ્યું. પછી તો લાલજીભાઈએ અનેક ગરબા ગૃપોમાં પણ શરણાઈ વગાડવાનું શરૂ કર્યું. નિહાર મંકોડી (મલ્હાર ગૃપ ઓફ પર્ફોમીંગ આર્ટ) દ્વારા રજૂ થયેલ વિલંબિત રાસની એન્ટ્રીમાં લાલજીભાઈની શરણાઈના મીઠા ગુંજનથી ટાઉન હોલ છલકાઈ જાય. મલ્હાર ગૃપ જિલ્લા રાસ-ગરબા સ્પર્ધામાં સતત પાંચ વર્ષ અને રાજયકક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું. તેનો શ્રેય લાલજીભાઈની સુરીલી શરણાઈને પણ જાય છે. ગાંધીનગરના અનેક ગૃપો સાથે ગુજરાત તેમજ સમગ્ર ભારતમાં લાલજીભાઈએ શરણાઈના સૂરોથી મીઠો સથવારો કર્યો છે.

૧૯૯૮માં દિલ્હી ખાતે ગણતંત્ર દિવસની ઉજવણીમાં ગુજરાત રાજયના માહિતી ખાતા દ્વારા રજૂ થયેલા ધોળાવીરાની સંસ્કૃતિ અને ઈતિહાસ પર રજૂ થયેલી ઝાંખી (ટેબ્લો)ને દ્વિતીય ઈનામ પ્રાપ્ત થતાં દરેક કલાકારને એવોર્ડથી સન્માનવામાં આવ્યા હતા. અને ભારતના વડાપ્રધાન અટલબિહારી વાજપાઈજીના હસ્તે મોમેન્ટો પ્રાપ્ત કરીને લાલજીભાઈએ ધન્યતા અનુભવી હતી.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વાર ઉજવાતા દરેક કાર્યક્રમોમાં મહેમાનોના સ્વાગત માટે શરણાઈ- ઢોલ લઈને તથા ટ્રેડીશનલ ડ્રેસ પહેરીને લાલજીભાઈ હાજર જ હોય. સાહિત્ય પર્વ, ગ્રીષ્મોત્સવ, ટાઉનહોલમાં યોજાતા કોઈ પણ કાર્યક્રમોમાં- પ.પૂ. મોરારીબાપુની રામકથા કે પૂ. રમેશભાઈ ઓઝાની મુલાકાત હોય.. લાલજીભાઈની શરણાઈના રેલાતા સૂર છે...

આંગણે લીલા તોરણ છે...

જુઓ મંગળ તહેવાર છે...

સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો, જય ભીમ, બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ, ગાંધી જયંતિ, સરદાર જયંતિ, વિશ્વ સંગીત દિવસની ઉજવણીમાં તથા માહિતી ખાતાના કાર્યક્રમોમાં લાલજીભાઈ શરણાઈ વાહન કરી લોકોના મન મોહી લે. ઉપરાંત ગુજરાત રાજયની 'સ્વર્ણિમ ગુજરાત'ની ઉજવણી પ્રસંગે સરદાર પટેલ સ્ટેડીયમ, અમદાવા અને મહાત્મા મંદિર, ગાંધીનગરમાં શરણાઈ વાદન કરીને ઉપસ્થિત સહુની ભરપુર ચાહના પ્રાપ્ત કરી છે.

જીવનમાં ઊંચો અભ્યાસ કરીને ડીગ્રીઓ મેળવી લેવી એ જ માત્ર સિદ્ધિ નથી. ઓછું ભણતરે પણ પોતાની કલામાં પારંગતતા મેળવવી એ જ વિરલ સિદ્ધિ છે. જે લાલજીભાઈએ સિદ્ધ કરી બતાવ્યું છે. સ્વભાવે સરળ, હસમુખા એવા લાલજીભાઈ હાલ રામવસાહત, ફનવર્લ્ડ પાછળ, ધોળાકુવા ખાતે પત્ની કુંવરબેન, પુત્રી મયૂરી, આશા અને અનિતા તથા પુત્ર તરૂણ અને ખોડીદાસ સાથે રહે છે. નાનો પુત્ર ખોડીદાસ ધોરણ ૧૦માં અભ્યાસની સાથે પિતા લાલજીભાઈને રીધમમાં (ઓકટોપેડ, ઢોલ) અને નાની ભૂંગળ વગાડીને સંગત કરે છે અને સંગીત વારસો આગળ ધપાવે છે.

આજકાલ બરાબરનો લગ્નગાળો જામ્યો છે. ગાંધીનગરના જે પરિવારોમાં લગ્નનું ટાણું આવ્યું છે એમને ઘેર લગ્નમંડપમાં મંત્રો ગુંજશે અને આંગણે લાલજીભાઈની શરણાઈના મૂઠા સૂર રેલાશે.. આજ વગડાવો વગડાવો રૂડા શરણાયુ ને ઢોલ..

શરણાઈ વાદક લાલજીભાઈને ખૂબ ખૂબ શુભેચ્છાઓ...